## શ્લોક : ૫

## ગુરૂ ગ્રહ (જુપીટર) નો મંત્ર અને પુષ્પરાગ (પોખરાજ) રત્ન (ટોપાઝ)

જેમને બૃહસ્પતિ (ગુરૂ) ગ્રહ જાપ્ય હોય તેમણે શ્રીગુસાંઇજીના જ્યેષ્ઠ પુત્ર અલૌકિક ગુરુરૂપ શ્રી ગિરિધરજીના ધ્યાનપૂર્વક તેમના જપ કરવા.

ગ્રહ : ગુરૂ , ગ્રહ નું નામ : શ્રી ગિરધરજી , શાંતિ માટે જપની સંખ્યા : ૭૬૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : મોહનથાળ, મગજ, મૈસુપ.
૭૬ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૧૩ મહિના
સેવનીય સ્વરૂપ : શ્રી મથુરેશજી , ગાદી : ૧ , ગાંવ : કોટા







તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરૂષોત્તમે ।
વિનિયોગેડપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ||૫||

શબ્દાર્થ : તથા=તમે, નિવેદને=આત્મસમર્પણ કર્યા પછી, ચિન્તા=ચિંતા, ત્યાજ્યા=છોડી દેવી જોઇએ, શ્રીપુરૂષોત્તમે=શ્રી પ્રભુને, વિનિયોગે=ઉપયોગમાં, અપિ=પણ, સા=તે, ત્યાજ્યા=છોડી દેવી જોઇએ, સમર્થઃ=સમર્થ છે, હિ=ખરેખર, હરિઃ=હરિ, સ્વતઃ=પોતે.

ભાવાર્થ : પ્રભુને આત્મનિવેદન કર્યા પછી, તેમણે તે અંગીકાર કર્યું કે નહીં તે બાબતની ચિંતા છોડી દેવી. સર્વસ્વનું સમર્પણ કર્યા પછી કોઇ વાર એવું પણ બને કે તેનો ઉપયોગ અન્ય લૌકિક કાર્યો માટે પણ કરવો પડે તો તે પ્રભુની ઇચ્છા છે એમ માનવું. પ્રભુ સર્વ સમર્થ છે અને જે કંઇ બને છે તે પ્રભુની ઇચ્છાથી જ બને છે એમ સમજી ચિંતા છોડી દેવી.